## ક્રિમી. કેસ નં/ 72867/18

### –:આંક:૧ લગત હુકમ:–

મજકુર કામે ત.ક અમલદારે આરોપી સામે ઈ.પી.કો કલમ:૧૮૮ મુજબનુ ચાર્જસીટ રજુ કરેલ છે જેની ફરીયાદ વંચાણે લેતા પોલીસ કર્મચારીએ ફરીયાદ ક્રિ.પ્રો.કોડની કલમ ૧૫૪ મુજબ એફ.આઈ.આર તરીકે દાખલ કરાવેલ છે અને ત્યારબાદ ત.ક અમલદારે તે તે બાબતે તપાસ કરી ચાર્જસીટ રજુ કરેલ છે પરંતુ આ બાબતે કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા ક્રિ.પો કોડની કલમ ૧૯૫ (૧)બીની જોગવાઈ લેતા કલમ:૧૮૮ મુજબના ગુનાની ફરીયાદ જે જાહેર સેવકના જાહેરનામાનો ભંગ કરવામા આવેલ હોય તે જાહેર સેવકની લ ેખિત ફરીયાદ વગર કોર્ટ કોગ્નીઝન્સ લઈ શકે નહી કે કાર્યવાહી આગળ ચલાવી શકે નહી અને આ હકીકત નામદાર સર્વોચ્ચ અદાલતે દોલતરામ વિ.સ્ટેટ ઓફ પંજાબ એ.આઈ.આર ૧૯૬૨ પાન નં.૧૨૦૬તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે રતનલાલ ડુંગરજી પટેલ વિ.સ્ટેટ ઓફ ગુજરાત,ક્રિ.મી.એ.નં.૧૯૯૮૬/૧૪ના કામે તથા નામદાર પટના હાઈકોર્ટે ગૌરીશંકર ઝા વિ.ચિંતનનાથ ઝા ના કેસમા તથા નામદાર દિલ્લી હાઈકોર્ટે અરવિંદ કેજરીવાલ વિ. અમિત સિબ્બલ ક્રિ.મી.એ નં.૧૮૯૨૦/૨૧/૧૩ ના કેસમા પ્રસ્થાપીત કરેલ છે તે તમામ હકીકત સી આર.પી.સી ૧૯૫ની જોગવાઈઓ સાથે ધ્યાને લેતા જાહેર સેવકની લેખીત ફરીયાદ કે જે ક્રિ.પ્રો.કોડની કલમ :૨(ડી)મા જણાવેલ છે તે સિવાય ઈ.પી.કો કલમ :૧૮૮ મુજબના ગુનાનુ કોગ્ર ીજન્સ આ કોર્ટ લઈ શકે તેમ નથી . કે કેસની કાર્યવાહી આગળ ચલાવી શકે તેમ નથી .વધુમા સદર ચાર્જસીટ જોતા ઉપરોકત કોઈ જોગવાઈનુ પાલન કરવામા આવેલ હોવાનુ ફલીત થતુ નથી જેથી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવી કાયદા મુજબ યોગ્ય અને મુનાસીબ જણાતુ ન હોય ક્રિ.પ્રો.કોડની કલમ :૨૫૮ની જોગવાઈ મુજબ સદર કેસની આગળની કાર્યવાહી ડ્રોપ કરતો હુકમ કરવા ન્યાયોચીત જણાતુ હોઈ હુ નીચે મુજબનો હુકમ ન્યાયના હીતમા ફરમાવુ છુ.

•

–:હુકમ:–

સદર કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ :૨૫૮ની જોગવાઈ મુજબ સ્ટોપ કરી આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામા આવેછે .

આ હુકમ આજ રોજ તા ૮મી સપ્ટેમ્બરસને ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સં ભળાવી જાહેર કર્યો.

મુકામ:અમદાવાદ

(અર્ચિત નિલમભાઈ વોરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર:૧૯ . અમદાવાદ
કોડ નં.જીજે.૦૦૮૪૯

આર.કે.સોનારા.